Name : Dharmanshu Prajapati, Course : MA. Education Year : 2020-21

Title of Research : A STUDY OF CREATIVITY THINKING ABILITY OF SECONDARY SCHOOL STUDENTS OF DHOLKA TALUKA

ધોળકા તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિઓ અભ્યાસ

Guid: Prof. Ranjitsinh


શોધ સારાંશ:

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યના અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કર્તા ૫૨૦ જેટલા બાળકોની યાદૃચ્છીક રીતે પસંદગી કરીને સર્જનાત્મક ચિંતનશક્તિ કસોટી પર પ્રતીચારો મેળવીને વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ધોરણ-10ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ, ધોરણ-9ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિની કક્ષાએ વધુ સારી હતી જયારે ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ-10ની સર્જનાત્મક શક્તિ, ધોરણ-9ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ કરતાં વધુ સારી જોવા મળી હતી. અને ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ-9 વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ-10ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિ વધુ સારી જોવા મળી હતી.


હેતુઓઃ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતા.

(1) ધોળકા તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિનો અભ્યાસ કરવો.

(2) ધોળકા તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિનો તેમની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(3) ધોળકા તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિનો તેમના ધોરણના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(4) ધોળકા તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

અભ્યાસના ચાલો અભ્યાસના ચલ :

(1) સ્વતંત્ર ચલ : જાતિ, (છોકરાઓ અને છોકરીઓ), ધોરણ: (ધોરણ-9 અને 10), શાળાનો વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય)

(2) પરતંત્ર ચલ : વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિ

વ્યાપવિશ્વ – પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની ગુજરાતી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના ધોરણ-9 અને 10 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતાં.

નિદર્શ- પ્રસ્તુત અભ્યાસમાં ધોળકા તાલુકાની ગુજરાતી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના ધોરણ-9ના 260 અને ધોરણ-10ના 260 વિદ્યાર્થીઓ મળી કુલ 520 વિદ્યાર્થીઓની યાદૃચ્છીક રીતે પસંદગી કરવામાં આવી હતી.

સંશોધન ઉપકરણ- ડૉ. પલ્વીબેન પટેલ અને ડૉ. હિતેશ પટેલ રચિત "“સર્જનાત્મક ચિંતનશક્તિ કસોટી”

સંશોધનનો પ્રકાર : 'વ્યવહારિક સંશોધન'

સંશોધન પદ્ધતિ : સર્વેક્ષણ સંશોધન પદ્ધતિના સંખ્યાત્મક સંશોધન પદ્ધતિ

તારણો-

(1) ધોળકા તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ-10ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ, ધોરણ-9ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિની કક્ષાએ વધુ સારી જોવા મળી.

(૨) ધોળકા તાલુકાની ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ-10ની સર્જનાત્મક શક્તિ, ધોરણ-9ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ કરતાં વધુ સારી જોવા મળી હતી.

(૩) ધોળકા તાલુકાની ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ-9 વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ-10ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ચિંતનશક્તિ વધુ સારી જોવા મળે છે.